*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 029(G)

**(March, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 64 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સૂચના પ્રમાણે ઉત્તર લખવા.
3) નવો વિભાગ નવા પાના પરથી શરૂ કરવો.

## વિભાગ - A

■ **નીચના 1 થી 20 પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) રાષ્ટ્રીય અભિલેખાગાર ક્યાં આવેલું છે ?

(A) મુંબઈ

(B) કોલકાતા

(C) દિલ્હી

(D) ચેન્નાઈ

2) ઇ.સ. 1857ના મહાવિદ્રોહ પર સંશોધન કરનાર ગુજરાતી ઇતિહાસકાર કોણ હતા ?

(A) મગનલાલ વખતચંદ

(B) રમણલાલ ધારૈયા

(C) દેવેન્દ્ર ભટ્ટ

(D) મકરન્દ મહેતા

3) શીખ રાજ્યનું વિલીનીકરણ કોણે કર્યું ?

(A) લોર્ડ ડેલહાઉસી

(B) લોર્ડ કર્ઝન

(C) રોબર્ટ ક્લાઇવ

(D) લોર્ડ વેલેસ્લી

4) મરાઠી સત્તામાં સર્વપ્રથમ પેશવા કોણ હતા ?

(A) શાહુ

(B) બાલાજી બાજીરાવ

(C) બાજીરાવ પ્રથમ

(D) બાલાજી વિશ્વનાથ

5) મુંબઈ ટાપુ અંગ્રેજોને કોની પાસેથી મળ્યો હતો ?

(A) મરાઠા

(B) મુઘલ

(C) ફ્રાંસ

(D) પોર્ટુગલ

6) બ્રિટિશ ભારતમાં સિંધનો વિલય ક્યારે કરવામાં આવ્યો ?

(A) 1820

(B) 1832

(C) 1842

(D) 1843

7) કયા ચાર્ટર એક્ટથી કંપનીનો વેપારી એકાધિકાર નાબૂદ થયો ?

(A) ઇ.સ. 1773

(B) ઇ.સ. 1793

(C) ઇ.સ. 1813

(D) ઇ.સ. 1833

8) ક્યો ગવર્નર જનરલ ભારતમાં પોલિસતંત્ર શરૂ કરનાર ગણાય છે ?

(A) રોબર્ટ ક્લાઈવ

(B) લોર્ડ હેસ્ટિંગ્સ

(C) લોર્ડ કોર્નવોલિસ

(D) લોર્ડ ડેલહાઉસી

9) પેશવા બાજીરાવ બીજાનો દત્તકપુત્ર કોણ હતો ?

(A) તાત્યા ટોપે

(B) નાના સાહેબ

(C) અમૃત રાવ

(D) માધવ રાવ

10) ખ્રિસ્તી ધર્મના પ્રસાર-પ્રચાર માટે કોનો સહયોગ લેવામાં આવતો હતો ?

(A) ગવર્નર

(B) પોલીસ

(C) રાજા

(D) સૈનિક

11) ભારતનો વહાણ બાંધવાનો ઉદ્યોગ કોના એ જ ઉદ્યોગથી ચઢિયાતો હતો ?

(A) ચીન

(B) ઈંગ્લેન્ડ

(C) જાપાન

(D) બર્મા

12) ઢાકાનું કયું વસ્ત્ર વિશ્વવિખ્યાત હતું ?

(A) રેશમ

(B) મલમલ

(C) સુતરાઉ કાપડ

(D) છીંટ

13) રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરી હતી ?

(A) સ્વામી વિવેકાનંદ

(B) સ્વામી રામકૃષ્ણ

(C) સ્વામી દયાનંદ સરસ્વતી

(D) રાજા રામમોહનરાય

14) શિરોમણિ ગુરુ પ્રબંધક સમિતિએ કયા સમાજમાં સુધારણાનું કાર્ય કર્યું ?

(A) હિંદુ

(B) મુસ્લિમ

(C) શીખ

(D) ખ્રિસ્તી

15) સાયમન કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસના લાઠીમારથી કોનું અવસાન થયું હતું ?

(A) બાળગંગાધર ટિળક

(B) ગોપાળકૃષ્ણ ગોખલે

(C) બિપિનચંદ્ર પાલ

(D) લાલા લજપતરાય

16) લંડનમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' ની સ્થાપના કોણે કરી હતી ?

(A) મદનલાલ ધીંગરા

(B) વિનાયક દામોદર સાવરકર

(C) શ્યામજી કૃષ્ણ વર્મા

(D) સરદાર સિંહ રાણા

17) 'સ્પેસ એપ્લિકેશન સેન્ટર' ક્યાં આવેલું છે ?

(A) બેંગ્લોર

(B) અમદાવાદ

(C) દિલ્હી

(D) મુમ્બા

18) કઈ પંચવર્ષીય યોજના એક વર્ષ વહેલી સમાપ્ત કરી દેવામાં આવી હતી ?

(A) ચોથી યોજના

(B) પાંચમી યોજના

(C) સાતમી યોજના

(D) આઠમી યોજના

19) ઈજિપ્ત પર કોનું વર્ચસ્વ હતું ?

(A) ફ્રાંસ

(B) ચીન

(C) ઈંગ્લેન્ડ

(D) રશિયા

20) 'આફ્રિકા-આફ્રિકનો માટે' નું સૂત્ર કોણે ગુંજતું કર્યું હતું ?

(A) ડૉ. સુકર્ણો

(B) નેલ્સન મંડેલા

(C) માર્શલ ટીટો

(D) વિલમાંટ બ્લાઈડન

## વિભાગ - B

■ **નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. દરેકનો 1 ગુણ છે.** [10]

21) વીર સાવરકરે 1857ના મહાવિદ્રોહને આલેખતું કયું પુસ્તક લખ્યું છે ?

22) અહોમના કયા શાસકને પૂર્વ ભારતના છત્રપતિ શિવાજી કહેવામાં આવે છે ?

23) ભારતમાં અંગ્રેજોની રાજકીય સત્તાનો આરંભ કયા યુધ્ધથી થયો ?

24) ભારતમાં સનદી સેવાઓ શરૂ કરવાનો શ્રેય કોના ફાળે જાય છે ?

25) બ્રિટિશ હિંદમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઈ ?

26) મહાલવારી પધ્ધતિ એટલે શું ?

27) ભારતમાં સર્વપ્રથમ આર્થિક આયોજનનો વિચાર કોણે કર્યો હતો ?

28) જર્મની માટે અન્યાય અને અપમાનજનક સંધિ કઈ હતી ?

29) જાપાને ચીનના કયા પ્રદેશ પર આક્રમણ કર્યું હતું ?

30) 'સંયુક્ત રાષ્ટ્રો' (U.N.) નામની સંસ્થાની સ્થાપના ક્યારે થઈ હતી ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો. દરેકના 2 ગુણ છે.** [2

31) દ્વિમુખી શાસન પધ્ધતિ એટલે શું ?

32) વિલિયમ બેન્ટિકના ન્યાય વિષયક સુધારા જણાવો.

33) 1857ના સંગ્રામ બાદ અંગ્રેજ સરકારે હિંદમાં કેવી નીતિ અપનાવી ?

34) રાજા રામમોહનરાય કઈ-કઈ ભાષા પર પ્રભુત્ત્વ ધરાવતા હતા ?

35) નારાયણ ગુરુએ લોકોને કયો ઉપદેશ આપ્યો ?

36) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની કઈ નવલકથાનું કયું ગીત યુવા ક્રાંતિવીરોનું પ્રિય સૂત્ર બની ગયું ?

37) લોકમાન્ય ટિળકે કયાં બે સૂત્રો આપ્યાં હતા ?

38) રોલેટ એક્ટ (1919) વિશે ટૂંકમાં જણાવો.

39) નૌકાયાન શાસ્ત્રની શાળા કોણે અને શા માટે સ્થાપી ?

40) અમેરિકાએ જાપાનનાં કયાં શહેરો પર અણુબોમ્બ ફેંક્યા હતા ?

41) નેલ્સન મંડેલા વિશે માહિતી આપો.

42) સંસદીય લોકશાહી એટલે શું ?

43) ઊર્જાના નવા સ્ત્રોતો જણાવો.

44) એન્ટિબાયોટિક દવાઓથી માનવસમાજને શું ફાયદો થયો ?

## વિભાગ - D

**નીચેના 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો.**
**દરેકના 3 ગુણ છે.**

[30]

45) બ્રિટિશ સિક્કાઓમાંથી પ્રાપ્ત થતો ઇતિહાસ સમજાવો.

46) ટીપુ સુલતાનની આંતરિક નીતિ વિશે જણાવો.

47) પ્લાસીનું યુધ્ધ ભારતના ઈતિહાસમાં શું સ્થાન ધરાવે છે, તે સ્પષ્ટ કરો.

48) ડેલહાઉસીની ખાલસા નીતિ સમજાવો.

49) ભારતમાં કૃષિક્ષેત્રે સ્થગિતતા શાં કારણોથી આવી હતી ?

50) બ્રિટિશકાલીન ભારતમાં કયા પ્રકારના આધુનિક ઉદ્યોગો ક્યાં શરૂ થયાં ?

51) ભારત-પાકિસ્તાન સંબંધો વિશે નોંધ લખો.

52) પ્રતિ ધર્મ સુધારણા વિશે ટૂંકમાં જણાવો.

53) ફ્રેંચ ક્રાંતિના પરિણામો જણાવો.

54) પ્રથમ વિશ્વયુધ્ધનાં કોઈપણ બે કારણોની ચર્ચા કરો.

55) બાન્ડુંગ પરિષદ વિશે માહિતી આપો.

56) આતંકવાદ પેદાં કરતાં પરિબળો પર નોંધ લખો.

57) ઇન્ફોર્મેશન ટેક્નોલોજીએ વિશ્વને એક ગામડું બનાવી દીધું છે. ચર્ચા કરો.

58) વર્તમાનપત્રો અને સોશિયલ મીડિયાનો સમાજ પર કેવો પ્રભાવ પડ્યો છે ?

## વિભાગ - E

■ નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. દરેકના 5 ગુણ છે. [20]

59) 1857ના સંગ્રામની નિષ્ફળતાના કારણો ચર્ચો.

60) બ્રહ્મો સમાજની મુખ્ય પ્રવૃત્તિઓ કઈ-કઈ હતી ?

61) હિન્દી રાષ્ટ્રીય મહાસભાની પ્રારંભિક (ઇ.સ. 1885 થી 1905) કાર્યવાહીનો સંક્ષિપ્ત અહેવાલ આપો.

62) સ્વતંત્રતા બાદ ભારત સમક્ષ કેવી સમસ્યાઓ હતી ? સમજાવો.

63) વિશ્વસત્તા તરીકે જાપાનનો ઉદય કઈ રીતે થયો ? સમજાવો.

64) સંયુક્ત રાષ્ટ્રોનાં અંગો વિશે ચર્ચા કરો.